## ચૂંટણી ચોતરેથી

- વાવ વિસ્તારમાં ભાજપના ૫૦૦ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા.
- ઉદ્યોગ રાજ્યમંત્રી રોહિત પટેલ આણંદથી કપાયા.
- સિદ્ધપુરમાં જીવાજી ઠાકોરને અપાયેલ મેન્ડેટ પરત લેવાતા ઠાકોર સેનાએ તોફાન મચાવ્યુ. જગદીશ ઠાકોર અને ચંદનજી ઠાકોરના પુતળાનુ દહન કર્યુ.
- જમાલપુરમાં કોંગ્રેસ સાબીર કાબલીવાલાને ટીકીટ ન અપાતા આસ્ટોડીયા દરવાજા પાસે દેખાવો થયા છે.
- દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખ પુરષોત્તમ ચૌહાણે કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યુ.
- છોટાઉદેપુર કોંગ્રેસમાં મોટુ ભંગાણ.
- કોંગ્રેસના યુવા નેતા સંગ્રામ રાઠવાએ સંગઠનના તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપ્યું છે.
- સાણંદના ભાજપના ઉમેદવાર સાથે ઉમેદવારીપત્ર ભરવા ગયેલ ભાજપના પ્રદેશ નેતા પ્રદિપસિંહ વાઘેલાએ ચૂંટણી અધિકારી સામે ભારે ગુસ્સો વ્યક્ત કર્યો હતો.
- નરહરિ અમીનને ટીકીટ ન મળતા તેમના સમર્થકો ભારે નારાજ થયા છે.
- બાપુનગર વિધાનસભા બેઠક પર કિન્નરે ફોર્મ બર્યુ હતુ. નરેશકુમાર જયસ્વાલ ઉર્ફે રાજુ માતાજીએ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી.
- નારણપુરામાં ભાજપ-કોંગ્રેસના સરઘસ સામ સામે ક્રોસ થતાં ઉગ્ર સુત્રોચ્ચાર થયા હતા.
- કપડવંજમાંથી ભાજપના અગ્રણી અને પૂર્વ મંત્રી વિમલ શાહે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.
- સાણંદ બેઠક પર ભાજપના પૂર્વ ધારાસભ્ય કમાભાઈ રાઠોડે પણ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.
- વાઘોડિયા બેઠક પર ભાજપના કદાવર નેતા ધર્મેન્દ્રસિંહે પક્ષમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.
- દલિત આંદોલનના નેતા જીગ્નેશ મેવાણીએ વડગામમાં અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. કોંગ્રેસે સમર્થન જાહેર કરી પોતાનો ઉમેદવાર ઉભો રાખ્યો નથી.
- ગાંધીનગરના જાણીતા વકીલ અજીતસિંહ ગોહિલે લોકવિકાસ મંચના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે.




### નીતિન પટેલે મહેસાણાથી ઉમેદવારી કરી

આજે મહેસાણા જિલામાં છેલ્લા દિવસે દિગ્ગજ નેતાઓએ ચૂંટણીને ધ્યાન પર લઈને ફોર્મ ભરવાની તજવીજ કરી હતી. જેમાં સમગ્ર ગુજરાતની નજર જે મહેસાણામાં છે તેમાં નીતિન પટેલ ડેપ્યુટી સિ.એમ એ મહેસાણાની પ્રાંત કચેરી ખાતે આવીને ફોર્મ ભર્યું હતું જેમાં કેન્દ્રીય મંત્રી પી.પી ચોધરી સહિત મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિહ ચૌહાણ પણ હાજર રહ્યા હતા. પાટીદાર અનામત આંદોલનના એ.પી.સેન્ટર મહેસાણામાં આજે ડેપ્યુટી સિ.એમ નીતિન પટેલ દ્વારા ૧૨.૩૯ ના મુહૂર્તમાં ફોર્મ ભરવાની તજવીજ કરી હતી. મહેસાણા બેઠક પર આજે સોમવારે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ભાજપ સમર્થકો સાથે રેલી સ્વરૂપે ચૂંટણી અધિકારી કચેરીએ પહોચીને ઉમેદવારી નોધાવી હતી. નીતિનભાઈની ઉમેદવારીને લઈને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિહ ચૌહાણ, ભાજપ ના ચૂટણી પ્રભારી પી.પી. ચૌધરી સહિત ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સવારે ૯.૩૦ વાગ્યે વિમલ પાર્ટીપ્લોટ ખાતે ભાજપના કાર્યકરો એકત્ર થઈને સભા સંબોધન બાદ રેલી યોજીને તોરણવાળી ચોક પહોંચી મંદિરે દર્શન કાર્ય હતા. ત્યાર બાદ ગણપતિ મંદિરે દર્શન કરીને રેલી બપોરે પ્રાન્ત અધિકારી કચેરીએ પહોંચીને આજે ડેપ્યુટી સિ.એમએ ફોર્મ ભર્યું હતું.

# ભાજપે ચૂંટણી જીતવા કમર કસી

ગાંધીનગર,તા.૨૭

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં સત્તાધારી ભાજપ પક્ષ ૧૫૦ બેઠકોના ટાર્ગેટ સાથે ચૂંટણી મેદાનમાં આગળ વધી રહ્યો છે. આ ટાર્ગેટને એચીવ કરવાની ભાજપ પક્ષ દ્વારા સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઈ છે. પક્ષ દ્વારા રાજયના ૧૮૨ બેઠકોમાં સૌપ્રથમ સર્વે આ વખતે જ્ઞાતિવાદનો કર્યો છે. પક્ષ આ તૈયારીને પ્રથમ ગણે છે. ત્યારબાદ ઉમેદવારની પસંદગીને ધ્યાને લે છે. ભાજપ પક્ષ દ્વારા ચૂંટણીની તૈયારીની સાથે જ મતદાન મથકોમાં દરેક મતદાન મથક દીઠ ૨૫ કરતાં વધારે કાર્યકરોની ટીમ બનાવી સૌથી વધુ મતદાન થાય અને પક્ષ તરફી થાય તેવી વ્યવસ્થાનું આયોજન કર્યું છે.

આ આયોજનમાં જે કાર્યકરોની પસંદગી કરવામાં આવી છે તે તમામ સક્રિય અને પક્ષને વફાદાર હોય તેવાને પ્રાધાન્ય આપ્યું છે. આમ બુથ મેનેજમેન્ટ જે ચૂંટણી માટે અગત્યની વાત હોય છે. ભાજપ મોવડી મંડળે આગામી વિધાનસભાની ચૂંટણીમાં સત્તા હાંસલ કરવા બુથ મેનેજમેન્ટ ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જેના કારણે




કાર્યકરોમાં એક ઉત્સાહ વધે અને મતદારોને મતદાન મથક સુધી લાવવામાં જોર રહે.

વડાપ્રધાન અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બંને ગુજરાતના છે અને ગુજરાતની આ ચૂંટણી જીતવી ખૂબ અગત્યની બાબત છે. આ ચૂંટણીમાં જો ભાજપને પછડાટ મળે તો આગામી દિવસો અને આગામી વર્ષ ૨૦૧૮માં અન્ય રાજયમાં આવતી ચૂંટણીઓમાં આની મોટી અસર પડે. આ વખતની વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપ પક્ષ દ્વારા અલગ પ્રકારની વ્યૂહરચના અપનાવી છે. પાર્ટીએ ભૂતકાળમાં જ્યાં નબળા બૂથ હતાં અને ઓછા મતથી ભાજપના ઉમેદવારો હાર્યા હતાં, ત્યાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

જે વિધાનસભા વિસ્તારમાં ભાજપની સ્થિતિ મજબૂત છે ત્યાં પાર્ટી તરફથી પહેલેથી જ નક્કી કરવામાં આવેલ તૈયારી મુજબ બૂથ પર કામકાજ કરવામાં આવશે. જે વિધાનસભા મતવિસ્તારમાં નબળી પરિસ્થિતિ છે ત્યાં નવી રણનીતિ તૈયાર કરવામાં આવી છે. ભાજપ સંભવિત મતદારો કોઈપણ સંજોગોમાં મતદાનમથક સુધી પહોંચે તે જરૂરી છે. ઉપરાંત નબળા બૂથ ઉપર એવા મતદારોની ઓળખ કરવામાં આવશે, જે કોઈને કોઈ કારણોસર ભાજપથી દૂર થયા છે. આવા ઓળખી કાઢવામાં આવેલ મતદારોને તેમની નારાજગીનું કારણ સમજી તેમને સમજાવી મતદાનમથક સુધી લઈ જવાની સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી છે. આમ કોઈપણ સંજોગોમાં આ ચૂંટણી જીતવી એ ભાજપ માટે અત્યંત જરૂરી છે.

## ગૌતમ બુદ્ધ સમાન છે પીએમ નરેન્દ્ર મોદી : પરેશ રાવલ

ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને અભિનેતા પરેશ રાવલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તુલના ગૌતમ બુદ્ધ સાથે કરી છે. અમદાવાદ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં પરેશ રાવલે જણાવ્યુ હતું કે, ગૌતમ બુદ્ધની જેમ જ નરેન્દ્ર મોદીની ધરતી પર જાતિ અને ધર્મના આધાર પર વોટીંગ કરવુ પાપ અને નૈતિક અધપતન ગણાશે.

રાવલે જણાવ્યુ હતું કે, નરેન્દ્ર મોદી જેવા માણસ માત્ર ભારતમાં જ નહીં પણ સમગ્ર દુનિયામાં શોધવા મુશ્કેલ છે, આવા વ્યક્તિ તો સદીઓના પૂણ્ય પ્રતાપે મળે છે. મોદી જેવા વિરાટ વ્યક્તિત્વ ધરાવતા લોકો અવતાર લે છે. એક એવા વ્યક્તિના રાજયમાં કે જે પોતાનો પરિવાર અને બધુ જ છોડીને ગૌતમ બુદ્ધની જેમ દેશની સેવામાં લાગેલ છે ત્યાં જાતિ આધારે મતદાન કરવુ મહાપાપ અને નૈતિકતાનુ પતન છે. ગુજરાતવાસીઓએ આવુ કરવુ જોઈએ નહીં, કારણકે ગુજરાતીઓ



સરદાર પટેલ અને મહાત્મા ગાંધીની ધરતીના સંતાનો છે.

રાવલે જણાવ્યુ હતું કે ઈશ્વરને પ્રાર્થના કરો, પોતાના કૂળદેવતાને યાદ કરો, પોતાના માતા-પિતાને યાદ કરો, તમને શિક્ષકે બાળપણમાં ભણાવેલ એ પાઠને યાદ કરો અને પછી પોતાનો હાથ હૃદય પર રાખી પછી ઈમાનદારીથી પોતાને સવાલ કરો કે તમે પોતાના બાળકને રાહુલ ગાંધી બનાવવા ઈચ્છો છો કે નરેન્દ્ર મોદી? જે તમને જવાબ મળે તેના માટે તમે વોટ આપજો. ભાજપ સાંસદે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ રાહુલ ગાંધીનુ રાજકીય કેરીયર બચાવવા માટે હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિગ્નેશ મેવાણી જેવા ગુજરાતના યુવાનોનો ઉપયોગ કરી રહી છે.

## ગુજરાત પ્રવાસમાં રાહુલ ગાંધી મળી રહેલા જનસમર્થનથી વડાપ્રધાન મોદી અચંબિત છે : ગેહલોત

કચ્છની ભૂજની સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધીનું નામ લીધા વિના આકરો પ્રહાર કર્યા હતા. જેના પર પ્રદેશ કોંગ્રેસ પ્રભારી અશોક ગેહલોતે પ્રતિક્રિયા આપતાં કહ્યું છે કે, રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાતમાં જે પ્રતિસાદ મળી રહ્યો છે. તેનાથી નરેન્દ્ર મોદી પણ અચંબિત છે અને હવે કેન્દ્રમાં બાકી રહેલા એક વર્ષમાં જનતાની સેવાનું કામ કરશે, તેવું તેમણે કહ્યું હતું.

# હું ૧૧૦ ટકા ચૂંટણી જીતીશ, લોકમાગણીને ધ્યાનમાં રાખી લીધો નિર્ણય : મેવાણી

દલિત યુવા નેતા જિજ્ઞેશ મેવાણીએ અચાનક ફેસબુક પર પોસ્ટ કરીને પોતે બનાસકાંઠાની વડગામ બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે તેવી જાહેરાત કરી દીધી. સાથે-સાથે બીજી રાજકીય પાર્ટીઓ અને અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવવા વાચા આપવાની દાનત પણ ભાજપ સરકારે દેખાડી નથી. હું પણ આંદોલનમાંથી જ આવું છું. લાંબા સમયથી વિવિધ સમાજની ઈચ્છા હતી કે જિજ્ઞેશ મેવાણી વિધાનસભામાં જાય. ગઈકાલે રાત્રે ટીમ સાથે મિટિંગ કરીને ફાઈનલ કોલ લીધો. જે રીતે



માંગતા લોકોને એવી વિનંતી પણ કરી કે આ બેઠક પરથી ઉમેદવારી ન કરે. તેમણે પોતાની ફેસબુક પોસ્ટમાં ભાજપને પોતાનો મુખ્ય શત્રુ ગણાવ્યો. તેમણે લખ્યું કે અમારી ફાઈટ ભાજપ સાથે છે. દલિતો અને બીજા સમાજના કચડાયેલા લોકોનો અવાજ અમે વિધાનસભા સુધી પહોંચાડીશું. જિજ્ઞેશ મેવાણીએ ઉમેદવારી નોંધાવવાને લઈને ઈટીવી સાથે ખાસ વાતચીત કરી. વાતચીતમાં તેણે કહ્યું કે હું ૧૧૦ ટકા ચૂંટણી જીતી રહ્યો છું.

**શા માટે ચૂંટણી લડવાની ફરજ પડી ?**

છેલ્લા દોઢ-બે વર્ષમાં ગુજરાતની જનતાએ અનેક આંદોલનો જોયા. પાટીદાર સમાજ, ઓબીસી સમાજ, દલિત સમાજ, આંગણવાડી બહેનો, સુરતના વેપારીઓ સહિત તમામ વર્ગો નારાજ છે. લોકોમાં ખૂબ અસંતોષ અને પીડા છે. લોકોના પ્રશ્નોનું સમાધાન લાવવું કે તેમના પ્રશ્નોને તમામ લોકોનું સમર્થન મળી રહ્યું છે તે જોતા એવો નિર્ણય કર્યો કે વડગામની બેઠક જીતીને વિવિધ પ્રશ્નોની રજૂઆત ધારાસભામાં પણ મજબૂત રીતે કરવી.

**તમારા નિર્ણયથી ભાજપ-કોંગ્રેસ બંનેમાંથી કોને નુકસાન થશે ?**

એમાં કોઈ શંકા નથી કે મારા નિર્ણયથી લોકવિરોધી ભાજપને જ નુકસાન થશે.

**કોંગ્રેસ સાથે વાતચીત નથી થઈ ?**

લોકો સાથે મારી ભરપૂર વાતચીત થઈ રહી છે, હું માનું છું કે તે પુરતી છે.

**ચૂંટણી જીતી શકશો ? તમને શું લાગે છે ?**

હું ૧૧૦ ટકા ચૂંટણી જીતી રહ્યો છું. લોકોના ચહેરા પર તમે તેની ખુશી જોઈ શકો છો. બધા કહી રહ્યા છે કે તમારે ફક્ત ચૂંટણી લડવાની છે બાકી બધું આપોઆપ થઈ જશે.



### ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા દિવસે ૧૦ ફોર્મ ભરાયા, કુલ ૧૪ ફોર્મ ભરાયા

ખેડબ્રહ્મા વિધાનસભા માટે ઉમેદવારોએ છેલ્લા દિવસે ઘસારો થતા ૧૦ ફોર્મ ભર્યા હતા. ખેડબ્રહ્મા પ્રાંત ઓફિસ ખાતે ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાં કોંગ્રેસ રીપીટ થયેલ ઉમેદવાર અશ્વિન કોટવાલે જંગી મેદની સાથે વાજતે ગાજતે કુમકુમ તીલક સાથેમા અંબાના ધામ મા દર્શન કરી ચુટણી કાર્યાલયથી રેલી કાઢી પ્રાંત કચેરી ખાતે ફોર્મ ભર્યું હતું.

# ગુજરાત ચૂંટણી પર ૧૦૦૦ કરોડનો સટ્ટો!!

ગાંધીનગર,તા.૨૭

ગુજરાત અને મુંબઈમાં સટ્ટેબાજોનું માનવું છે કે, ભાજપ આગામી વિધાનસભા ચૂંટણીમાં ૧૧૮થી ૧૨૦ બેઠકો જીતે એવી શક્યતા છે. જોકે, શક્યતા છે કે ભાજપ ૧૮૨માંથી માત્ર ૧૦૦ બેઠકો જીતે અને કોંગ્રેસ ૮૦ બેઠકો સુધી જીતી જાય. આવી સંભાવનાઓ વચ્ચે ગુજરાત વિધાનસભા ચૂંટણી પર સટ્ટેબાજોએ લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયાનો સટ્ટો લગાડ્યો હોય એવી શક્યતા છે.

ભારતમાં સટ્ટેબાજી ગેરકાયદેસર છે, પરંતુ આ પ્રકારના પ્રમુખ કાર્યક્રમો - ચૂંટણી, મેચ વગેરે નજીક આવતા હોય ત્યારે સટ્ટાબાજીનો વ્યવસાય શરૂ થઈ જતો હોય છે. આ અંડરગ્રાઉન્ડ વ્યવસાયમાં સક્રિય સટ્ટેબાજોને ઘણીવાર ક્રિકેટ અને ચૂંટણી જેવા સમયે સંભાવિત આખરી પરિણામ અંગે સારી જાણકારી હોય છે. જો કે, આ પરિણામો કોઈ રીતે વિશ્વસનીય નથી હોતા અને ક્યારેક ચીજવસ્તુઓને ખોટી રીતે પણ રજૂ કરી દે છે. નામ ન છાપવાની શરતે એક બુકી તરફથી હિંદુસ્તાન ટાઈમ્સને આપવામાં આવેલ જાણકારી અનુસાર, ગુજરાત વિધાનસભાની ચૂંટણી પર આ વખતે ૧૦૦૦ કરોડનો સટ્ટો લાગ્યો છે. સટ્ટાબાજો અનુસાર, ભાજપ સત્તામાં આવશે, પરંતુ સંભવના છે કે વર્ષ ૨૦૧૨ની સરખામણીએ ભાજપને ઓછી બેઠકો મળે. ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૧૧૯ બેઠકો મળી હતી.

# ‘સહી પકડે હૈ’ : કલંકિત નેતાઓને ચૂંટણી લડવા પર દેશભરમાં આજીવન પ્રતિબંધ હોવો જોઈએ

સ્વચ્છ અને પ્રામાણિક શાસન કોને ન ગમે... ઉદાર અને લાગણીશીલ પ્રતિનિધિની ખેવના પ્રત્યેક નાગરિક રાખતો હોય છે. સુશાસનથી લોકોના ઉત્કર્ષના કામો કરવામાં આવે તો પ્રત્યેક વ્યક્તિને સતત ભયના ઓથાર હેઠળ રાખતા હોય છે. ભારતના ચૂંટણી પંચે સ્વચ્છ ચૂંટણી, સ્વચ્છ ઉમેદવાર માટે એક અભિયાન ચલાવ્યું છે. આ અભિયાનને જો લોકોનો પવન લાગી જાય તો બેડો પાર થઈ શકે નેતાઓની કેસની સુનાવણી માટે સ્પેશિયલ કોર્ટ બનાવવાની જરૂર છે. આમા કેટલો સમય લાગશે અને કેટલા નાણાની જરૂર પડશે તે છ સપ્તાહની અંદર દર્શાવવા માટે પણ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું. હવે કેન્દ્ર ઉપર જ ચુકાદો આપવામાં આવે તેવી ઈચ્છા અરજીદારો દ્વારા દર્શાવવામાં આવી છે. ભારતમાં રાજનીતિનું અપરાધીકરણ થયું છે તે અંગે આંકડાકીય માહિતી નથી.

## ભારતના ચૂંટણી પંચે સુપ્રીમમાં અરજી કરી પણ આંકડાકીય માહિતી આપી નહીં

રાજકારણ પ્રત્યે આદરભાવ થાય તે સ્વાભાવિક છે પરંતુ લૂંટફાટ કરનારા, ખૂન, બળાત્કાર અને અત્યાચાર કરનારો પ્રતિનિધિ હોય તો લોકો તેનાથી દૂર ભાગે છે. લોકોને ડરાવી અને ધમકાવીને મતો મેળવી જતા નેતાઓને કારણે આજે આખું રાજકારણ ગંદુ બન્યું છે.

એવું નથી કે રાજકારણમાં સારા વ્યક્તિઓ આવતા નછી. રાજવી ઘરાનો ધરાવતા લોકો પણ પોલિટીક્સમાં આવે છે અને સારૂં શાસન કરી બતાવે છે. મધ્યપ્રદેશમાં ભૂતકાળમાં માધવરાવ સિંધિયાએ ઉત્કૃષ્ઠ શાસનની ભેટ આપી છે. ગુજરાતમાં પણ ડો. જીવરાજ મહેતા, બળવંતરાય મહેતા અને હિતેન્દ્ર દેસાઈ જેવા લાગણીશીલ મુખ્યમંત્રીઓએ શાસન કર્યું છે.

જ્ઞાતિવાર અને ગુંડાગીરીનો તેમનામાં છાંટોય જોવા મળતો ન હતો. ભારતના બીજા રાજ્યોમાં પણ આઝાદી પછી આવેલા નેતાઓએ પોલિટીકલી સર્વોચ્ચ સ્થાન હાંકલ કર્યું છે પરંતુ જ્યારથી પોલિટીક્સમાં ગુંડાગીરીનો પ્રભાવ વધ્યો ત્યારથી પ્રામાણિક લોકોએ રાજનિતીથી દૂર રહેવાનું પસંદ કર્યું છે.

ગુનાહિત ભૂતકાળ ધરાવતા પાર્ટીઓના ઉમેદવારો જીતી જરૂર જાય છે પરંતુ તેઓ પ્રજાભિમુખ શાસન આપી શકતા નથી. લોકોને છે અને સાચા અર્થમાં રામરાજ્ય આવી શકે છે. ભારતના ચૂંટણી પંચે કલંકિત નેતાઓના કેસની સુનાવણી માટે સ્પેશ્યલ કોર્ટની સ્થાપના કરવાની રજૂઆતને દેશની સુપ્રીમ કોર્ટે સ્વિકારી છે.




સર્વોચ્ચ અદાલતમાં ચૂંટણી પંચે કલંકિત નેતાઓમાં સાંસદો અને ધારાસભ્યોની ચૂંટણી લડવા ઉપર આજીવન પ્રતિબંધ મુકવાની તરફેણ કરી છે. ચૂંટણીપંચે એક અરજી દાખલ કરી હતી. જેના ઉપર સુનાવણી દરમિયાન પોતાના જવાબમાં ચૂંટણી પંચે કહ્યું હતું કે, સજા હેઠળના સાંસદો અને ધારાસભ્યોને ચૂંટણી લડવાની મંજુરી મળવી જોઈએ નહીં. સુપ્રીમ કોર્ટે આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સ્પેશ્યલ કોર્ટમાં આ કેસોની સુનાવણીની અપીલ કરી હતી.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કલંકિત

## ગુનાહિત કેન્ડિડેટ જીતી જાય છે પરંતુ તેઓ પ્રજાભિમુખ શાસન આપી શકતા નથી

સરકાર આ તમામ બાબતો લઈને સુપ્રીમ કોર્ટમાં જશે.

પહેલા કેન્દ્ર સરકારે કહ્યું હતુ કે, અમે સ્પેશિયલ કોર્ટ માટે તૈયાર છીએ પરંતુ આ રાજ્યોનો મામલો છે, તેથી કોર્ટે કહ્યું હતું કે, સેન્ટ્રલ સ્કીમ હેઠળ સ્પેશ્યલ કોર્ટ બનાવવા માટે ફંડની રકમ કેટલી લાગશે તે અંગે જવાબ આપવાની જરૂર છે. મામલાની સુનાવણી કરતી વેળા કોર્ટે અરજીદારોને પણ ફટકાર લગાવી હતી. સુપ્રીમે કહ્યું હતું કે, સ્પેશિયલ કોર્ટમાં ઝડપથી ટ્રાયલ ચાલશે. કેટલો ખર્ચ થશે તે અંગે માહિતી મળ્યા બાદ અને ખાસ અદાલત બનવાને લઈને ચિત્ર સ્પષ્ટ થયા પછી જસ્ટીસની નિમણૂંક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર કઈ રીતે બનશે તે અંગે કોર્ટ ધ્યાન આપશે.

કોર્ટે અરજીદારોને પ્રશ્ન કરતા કહ્યું હતું કે, કોઈપણ પ્રકારના આંકડા ન હોવા છતાં અરજી કેમ કરવામાં આવી છે. માત્ર કાગળ

સુપ્રીમ કોર્ટમાં આ અરજી ઉપર દિવસે પણ જોરદાર દલીલો થઈ હતી. સુપ્રીમ કોર્ટે અપરાધિક મામલાઓમાં નેતાઓને દોષિત ઠેરવવાના દર અંગેની પણ માહિતી માંગી હતી. સુપ્રીમ કોર્ટે એ પ્રશ્ન પણ કર્યો હતો કે, તેમની સામે કેસોની સુનાવણી એક વર્ષની અંદર પૂર્ણ કરવાને લઈને તેમના આદેશો ઉપર અમલીકરણ થઈ રહ્યું છે કે કેમ તે પણ પ્રશ્ન છે.

જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ નવીન સિંહાની બે સભ્યોની બેંચે કહ્યું હતું કે, અપરાધિક મામલાઓમાં રાજકીય વ્યક્તિઓને અપરાધી જાહેર કરવાનો દર એક નવો દાખલો બેસાડશે. પીઠે કહ્યું હતું કે, દોષિત જાહેર કરવામાં આવેલાઓનો દર શું છે. સુપ્રીમ કોર્ટે દોષિત ઠેરવવામાં આવેલા રાજનીતિના લોકોને સજા પુરી થયા બાદ છ વર્ષ માટે ચૂંટણી લડવાને લઈને અયોગ્ય જાહેર કરવાના જનપ્રતિનિધિત્વ કાયદાની જોગવાઈને ગેરબંધારણીય જાહેર કરવા માટે વકીલ અશ્વિની ઉપાધ્યાયની અરજી ઉપર સુનાવણી વેળા આ મુજબની વાત કરી હતી. આ મામલામાં કેન્દ્રએ એફિડેવિટમાં કહ્યું હતું કે, સાંસદો અને ધારાસભ્યોને દોષિત ઠેરવવાની સ્થિતિમાં તેમના ઉપર આજીવન પ્રતિબંધ લગાવવાની અપીલ વિચારણા યોગ્ય નથી.

## સજા હેઠળના સાંસદો અને ધારાસભ્યોને ચૂંટણી લડવા મંજુરી મળવી જોઇએ નહીં